ડાયરેક્ટ ❤ સે
હંમેશાં
તૈયારી સાથે જ રહેવું
માણસ અને મૉસમ
ગમે ત્યારે
બદલાઈ જાય છે

જન્મદિને વધામણી

નિશિત વ્યાસ
જનરલ સેક્રેટરી
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટી
મો. ૯૮૨૪૦ ૩૧૯૯૯

વિનોદ સુંદેશા
રિપોર્ટર, બી કે ન્યૂઝ ચેનલ
મો. ૯૮૯૮૩ ૧૨૦૭૫

લમ્હા જાદવ
મો. ૯૪૨૯૩ ૦૦૯૬૫

પહેલું સત્ર પૂરું થવામાં છતાં

ટેકનીકલ કોલેજો દ્વારા ફીની જાહેરાત નહીં

બીજું સત્ર આવવા છતાં વિદ્યાર્થીઓને કેટલી ફી ભરવી તેની જાણકારી નથી

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યની ટેકનિકલ કોલેજોની ફી નક્કી કરવા માટે રચવામાં આવેલી ફી નિર્ધારણ કમિટી દ્વારા દર ત્રણ વર્ષે નવી ફી જાહેર કરવામાં આવતી હોય છે. અગાઉ નક્કી કરાયેલી ફીને ત્રણ વર્ષ પુરા થયા હોવાથી આ વર્ષે દરેક કોલેજોની ફી નક્કી કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સામાન્ય રીતે આ ફી કોલેજોમાં પહેલું સત્ર શરૂ થાય ત્યારે જાહેર કરવાની હોય છે. પરંતુ આ વખતે ટેકનિકલ કોલેજોમાં પહેલું સત્ર પૂરું થવાની તૈયારીમાં છે આમ છતાં હજુ સુધી ફી જાહેર કરવામાં આવી નથી. ડિસેમ્બરમાં અંતમાં ફી જાહેર થશે તેવી સ્પષ્ટતા ફી કમિટી દ્વારા વારંવાર કરવામાં આવી હતી. જો કે, હવે જાન્યુઆરીના પ્રારંભમાં જ ફી જાહેર થાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

ડિગ્રી-ડિપ્લોમા ઇજનેરી, ફાર્મસી, એમબીએ-એમસીએ, એમ.ઇ-એમ.ફાર્મ સહિતની ટેકનિકલ એજ્યુકેશનમાં આવતી કોલેજોની નવી ફી નક્કી કરવાની પ્રક્રિયા હાલ ચાલી રહી છે. ફી કમિટી દ્વારા દરેક સ્વનિર્ભર કોલેજોને કેટલી ફી આપવામાં આવશે તે નક્કી કરી દેવાયું છે. પરંતુ આ વખતે કમિટી દ્વારા આ ફી નક્કી કરીને તેની સીધી જાહેરાત કરવાના બદલે કઇ કોલેજની કેટલી ફી નક્કી કરવામાં આવી છે તેની માહિતી કોલેજોને જ મોકલી આપવામાં આવી હતી. જે કોલેજોને આ ફી સામે વાંધો હોય તેઓએ ફી કમિટી સમક્ષ રજૂઆત કરવી તેવી સૂચના આપવામાં આવી હતી. જેથી હાલમાં મોટાભાગની કોલેજોએ ફી કમિટી સમક્ષ પોતાને મળેલી ફી સામે વાંધાઓ રજૂ કરી દીધા છે. સૂત્રો કહે છે હાલમાં ફી કમિટી દ્વારા જે કોલેજોએ વાંધા રજૂ કર્યા છે તેની સૂનાવણી હાથ ધરવામાં આવી છે. આ સૂનાવણી પુરી થાય બાદ ફરીવાર ફી કમિટી દ્વારા દરેક કોલેજોની ફીમાં સુધારા-વધારા સાથે નવી ફી જાહેર કરાશે. ફી કમિટીના સત્તાધીશો વારંવાર એવી સ્પષ્ટતા કરી રહ્યા છે કે વિદ્યાર્થી-વાલીઓને નુકસાન ન થાય તે પ્રકારે ફી નક્કી કરાશે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આગામી પાંચ દિવસમાં બીજા સત્રનો પ્રારંભ થશે છતાં હજુસુધી વિદ્યાર્થી-વાલીઓએ કેટલી ફી ભરવાની રહેશે તેની કોઇ જાણકારી નથી. આમ, સત્ર શરૂ થવાના બદલે બીજું સત્ર શરૂ થવા છતાં હજુ નવી ફી જાહેર ન થતાં વિદ્યાર્થી-વાલીઓ માટે ભારે મુશ્કેલી ઊભી થઇ છે.

રેડિયન્ટ સ્કૂલમાં કર્મચારીઓનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

પાટનગરના સરગાસણ ખાતે સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સમાં શનિવારની ઢળતી સાંજે શાળામાં કાર્યાન્વિત શિક્ષકો, એડમિન સ્ટાફ, ડી-સ્ટાફ, સફાઈ કામદાર, વોચમેન વગેરે તમામ કર્મચારીઓનો સ્નેહમિલન સમારંભ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓનું ભાવિ ઘડનાર શૈક્ષણિક સંસ્થામાં કાર્ય કરતા કર્મચારીઓનો પરસ્પરનો સુમેળ, પ્રેમભર્યા સંબંધો, શૈક્ષણિક આપ-લે, કર્મચરી-સંસ્થા સંબંધ વગેરે બાબતો પણ શાળાના શૈક્ષણિક પરિણામ તેમજ વાતાવરણમાં અગત્યનો ભાગ ભજવે છે. આ બાબતોને મહત્ત્વ આપી સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર જી ટી શનિયારાએ શાળામાં કાર્ય કરતા તમામ કર્મચારીઓ માટે પરિવાર સહિતના સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કર્યું હતું. તેમના આમંત્રણને માન આપી દરેક કર્મચારી આ શુભ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને સાંજની ગુલબી ઠંડીમાં એકમેકને હૂંફથી મળીને વાતાવરણને હૂંફાળું બનાવ્યું હતું. સમગ્ર શાળા જાણે એક પરિવાર હોય એવો નઝારો આ કારણે જોવા મળ્યો હતો. આ પ્રસંગે સૌએ સાથે મળીને ભોજનનો આનંદ પણ માણ્યો હતો.

ગુજરાત યુનિ.ની વિદ્યાર્થી સેનેટની ચૂંટણી ફેબ્રુઆરીમાં યોજાવાની શક્યતા

સેનેટ જીતનારા વિદ્યાર્થીનેતાને માત્ર ત્રણ માસ માટે જ પ્રતિનિધિત્વ કરવાની તક મળશે

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત યુનિવર્સિટીમાં વિદ્યાર્થીસેનેટની ચૂંટણી ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં યોજવામાં આવતી હોય છે. પરંતુ છેલ્લા કેટલાય વર્ષોથી આ ચૂંટણી વર્ષના અંતે યોજવાનું શરૂ કરાયું છે. વર્તમાન કુલપતિ દ્વારા સેનેટની ચૂંટણી વહેલી તકે યોજવાની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ હાલની સ્થિતિ એવી છે કે ફેબ્રુઆરીના અંતમાં જ વિદ્યાર્થીસેનેટની ચૂંટણી યોજવી પડે તેમ છે. જેના કારણે આ વખતે પણ સેનેટ સભ્ય બનનારા વિદ્યાર્થીનેતાને માત્ર ત્રણ માસ સુધી સેનેટસભ્ય રહેવાની તક મળે તેવી સ્થિતિ ઊભી થઇ છે.

યુનિવર્સિટીમાં વિદ્યાર્થી પ્રતિનિધિત્વ માટે દરવર્ષે વિદ્યાર્થીસેનેટની ચૂંટણી યોજવામાં આવે છે. સામાન્ય રીતે આ ચૂંટણી નવા વર્ષની પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તેના એક માસમાં કરવાની હોય છે. આ ચૂંટણી પાછળનો હેતુ નવા પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને સેનેટમાં પ્રતિનિધિત્વ આપવાનો હોય છે. જુદા જુદા કારણોસર ઉપરાંત સત્તાધીશોએ પોતાની સગવડ સાચવવા માટે વિદ્યાર્થીસેનેટની ચૂંટણી જેટલી મોડી થાય તેટલી કરવા માટે તમામ પ્રયાસો કરતાં હોય છે. જેના કારણે છેલ્લા કેટલાક વર્ષોથી વિદ્યાર્થીસેનેટની ચૂંટણી દિવાળી એટલે કે એક સત્ર પછી જ યોજવામાં આવે છે. યુનિવર્સિટીમાં નવા કુલપતિની નિમણૂક બાદ સૌથી પહેલા વિદ્યાર્થીસેનેટની ચૂંટણી નિર્ધારીત સમયે કરવાની જાહેરાત કરી હતી. જો કે, આ જાહેરાત પ્રમાણે આજસુધી એટલે કે ડિસેમ્બર માસ શરૂ થવા છતાં વિદ્યાર્થી સેનેટની ચૂંટણી યોજી શકાય નથી. સૂત્રો કહે છે હવે ડિસેમ્બરમાં પણ ચૂંટણી યોજી શકાય તેમ નથી. ચૂંટણી યોજવા માટે ૪૨ દિવસ પહેલા જાહેરનામું બહાર પાડવું પડે છે. આ પ્રમાણે ગણતરી કરીએ તો પણ જાન્યુઆરીના અંત સુધીમાં વિદ્યાર્થીસેનેટની ચૂંટણી થઇ શકે તેમ નથી. આમ, સેનેટની ચૂંટણી ફેબ્રુઆરીમાં જ યોજવામાં આવે તેવી સ્થિતિ હાલ જોવા મળી રહી છે. ફેબ્રુઆરીમાં ચૂંટણીમાં જીતનારા ઉમેદવારોને ત્રણ માસ માટે સેનેટ સભ્ય રહેવાની તક મળશે. નોંધનીય છે કે દરવર્ષે માત્ર બે કે ત્રણ માસ માટે જ સેનેટ સભ્ય રહેવાની તક મળતી હોવાથી એનએસયુઆઈ અને એબીવીપી વિદ્યાર્થીસંગઠનોમાંથી મોટાભાગના ઉમેદવારો વિદ્યાર્થીસેનેટની ચૂંટણી લડવા તૈયાર થતા નથી.

'ભક્તિધામ'ના લોકાર્પણ પ્રસંગે ભાગવત સપ્તાહ

ગાંધીનગર, તા. ૧૮

વૈષ્ણવાચાર્ય દ્વારકેશલાલજી મહોદય (કડી-અમદાવાદ) દ્વારા સંસ્થાપિત 'ભક્તિધામ'ના લોકાર્પણ નિમિત્તે 'વૈષ્ણવતા મહોત્સવ'નું આયોજન કરાયું છે. જે અંતર્ગત અષ્ટોત્તરશત શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન તા. ૨૫મી ડિસેમ્બરથી ભાગવત ધામ, સ્ટર્લિંગ સિટી, નંદેશ્વર મહાદેવની પાછળ, બોપલ ખાતે બપોરે ૩.૩૦થી સાંજે ૭ દરમિયાન યોજાશે. આ ભાગવત સપ્તાહ દરમિયાન નિત્ય શ્રીજીના વિવિધ મનોરથોનું દિવ્ય આયોજન કરાશે. જ્યારે ભવ્ય છપ્પનભોગ મનોરથ બપોરે ૩.૩૦થી સાંજે ૭.૦૦ દરમિયાન થશે. તા. ૨૫મીએ સુનહરી ઘટાનો મનોરથ, તા. ૨૬મીએ રાજ દરબારનો મનોરથ, તા. ૨૭મીએ ગૌચારણનો મનોરથ, તા. ૨૮મીએ નંદાલયમાં પલનાનો મનોરથ, તા. ૨૯મીએ ગિરિકંદરામાં કુનવારાનો મનોરથ, તા. ૩૦મીએ વિવાહ ખેલનો મનોરથ, તા. ૩૧મીએ સતધરાનો મનોરથ યોજાશે.

સાહિત્યની ઉપાસના અર્થે ન્યૂજર્સી ખાતે 'સાહિત્ય સંસદ - યુએસએ'નો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૮

અમેરિકાના ન્યૂજર્સી ખાતે ગુજરાતી સાહિત્યના ક્ષેત્રે સાહિત્યની ઉપાસનાના આશય સાથે 'સાહિત્ય સંસદ યુએસએ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. મુંબઈ ખાતે કાર્યરત સાહિત્ય સંસદ સંસ્થાના પ્રમુખ કનુભાઈ સૂચકે જણાવ્યું કે સાહિત્ય સંસદ ગુજરાતી ભાષા અને સાહિત્યની શુદ્ધ ઉપાસનાનાં લક્ષ્યને વરેલી છે. સાહિત્ય સંસદ અન્વયે જે રીતે ગુજરાતી ભાષા અને સાહિત્યના પ્રસાર માટે સાહિત્યિક પ્રવૃત્તિ થાય છે અને એને ગુજરાતી સાક્ષરો, વિદ્વાનો, ભાષાકર્મીઓનો બહોળો પ્રતિસાદ મળે છે. અમેરિકામાં પણ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નાનામોટાં જૂથમાં ખૂબ સુંદર પ્રવૃત્તિઓ થાય છે પરંતુ એનું કાર્યસ્વરૂપ અલગ પ્રકારનું હોય છે. જો કે ગુજરાતી ડાયાસ્પોરા સાહિત્ય સર્જનમાં અનેક પ્રસ્થાપિત અને નવોદિત સર્જકો છે અને આશ્ચર્ય થાય એ રીતે ત્યાં ગુજરાતી ભાષાનાં સર્જનશીલો સાહિત્યકર્મક્ષેત્રે પ્રવૃત્ત છે. અમેરિકાની અમારી તાજેતરની તેમજ અગાઉની મુલાકાત વેળા એ જોવા અને અનુભવવા મળ્યું. તેનાથી પ્રેરાઈને જ સાહિત્ય સંસદનો કાર્યવિસ્તાર અમેરિકા સુધી પ્રસારવાનું બળ મળ્યું. અમેરિકાના ન્યૂજર્સી નિવાસી જાણીતા લેખક, કવિ, જર્નાલિસ્ટ, ટેલિવિઝન એંકર અને રેડિયો હોસ્ટ વિજય ઠક્કરના પ્રમુખપદે સાહિત્ય સંસદ યુએસએનો શુભારંભ કરવામાં આવ્યો છે. સાહિત્ય સંસદમાં ઉપપ્રમુખપદે ગુજરાત સાહિત્યના લેખક-કવિ ડૉક્ટર નિલેશ રાણાની વરણી થઈ છે. સાહિત્ય સંસદના બે મહામંત્રીઓ તરીકે સુચિ વ્યાસ અને નંદિતા ઠાકોરની પસંદગી થઈ છે. કોષાધ્યક્ષ તરીકે લેખિકા અને બ્લોગર કોકિલા રાવલની વરણી થઈ છે.

૨૦૨૩ ક્રિકેટ વર્લ્ડકપ અને આગામી ચેમ્પિયન ટ્રોફી ભારતમાં

ગાંધીનગર, તા.૧૧

ભારતીય ક્રિકેટ ચાહકો માટે ૨૦૧૯ના વિશ્વકપ પહેલા એક મોટી ખબર સામે આવી છે. ભારત વર્ષ ૨૦૨૩માં યોજાનાર ક્રિકેટ વિશ્વકપ અને ૨૦૨૧માં યોજાનારી આઈસીસી ચેમ્પિયન ટ્રોફીનું આયોજન થશે. ૨૦૧૯ વિશ્વકપ ઈંગ્લેંડ અને વેલ્સમાં કમાશે ત્યારબાદ ૨૦૨૩માં યોજાનારી ૫૦ ઓવરોનો ક્રિકેટ વિશ્વકપ ભારતમાં યોજાશે. ભારત આ પહેલા ૧૯૮૭,૧૯૯૬ અને ૨૦૧૧માં વિશ્વકપની આયોજન કરી ચુક્યું છે. ૨૦૧૧નો વિશ્વકપ ખૂબ જ સફળ રહ્યો હતો, જેમાં વિજેતા પણ ભારત રહ્યું હતું. આ વિશ્વકપને ભારતે ધોનીની આગેવાનીમાં જીતી ક્રિકેટના ભગવાન સચીનને એક યાદગાર વિદાય આપી હતી.

હાલના ઓસ્ટ્રેલિયાની ટીમ આઈસીસી ક્રિકેટ વિશ્વકપની વિજેતા છે. તેમણે વર્ષ ૨૦૧૫માં વિશ્વકપને જીત્યો હતો. વિશ્વકપની સાથે ૨૦૨૧માં આઈસીસી ચેમ્પિયન ટ્રોફિનું આયોજન પણ ભારતમાં થશે.

નવા વર્ષમાં ક્રિકેટર્સ પર ધનવર્ષા થશે

ગાંધીનગર, તા. ૧૮

ભારતીય ક્રિકેટ ટીમ માટે ૨૦૧૭નું વર્ષ ઘણું જ યાદગાર રહ્યું છે અને હવે નવા વર્ષમાં તેમને વધુ એક શ્રેષ્ઠ ગિફ્ટ મળી શકે છે. આ ગિફ્ટ તેમના વેતનમાં ૧૦૦ ટકાના વધારાની છે. જેમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટર્સ ઉપરાંત ડોમેસ્ટિક ક્રિકેટ રમી રહેલા ખેલાડીઓના વેતનમાં પણ વધારો થશે. એક અંગ્રેજી દૈનિકના અહેવાલ પ્રમાણે ભારતીય ક્રિકેટર્સના વેતનમાં ૧૦૦ ટકાનો વધારો થઈ શકે છે. સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવામાં આવેલી વહીવટી સમિતિ (સીઓએ) નવી ફોર્મ્યુલા પર કામ કરી રહી છે અને ત્યારબાદ ક્રિકેટર્સના વેતનમાં વધારો થઈ શકે છે. સીઓએ વર્તમાનના ૧૮૦ કરોડના ફંડમાં ૨૦૦ કરોડ રૂપિયાનો વધારો કરવા અંગે વિચારી રહ્યું છે. સમિતિ સિનિયર અને જૂનિયર ટીમોને તેમનો યોગ્ય હિસ્સો મળી રહે તે અંગે વિચાર કરી રહી છે. આશા છે કે આગામી સત્રથી વેતનમાં વધારો થઈ જશે.

વર્તમાન ફોર્મ્યુલા અંતર્ગત બીસીસીઆઈ વાર્ષિક આવકના ૨૬ ટકા ત્રણ ભાગમાં વહેંચે છે. જેમાં ૧૩ ટકા આવક આંતરરાષ્ટ્રીય ક્રિકેટર્સને, ૧૦.૬ ટકા ડોમેસ્ટિક ક્રિકેટર્સને અને બાકીનો હિસ્સો મહિલા અને જૂનિયર ક્રિકેટર્સને આપવામાં આવે છે. જોકે, આમાં ક્રિકેટર્સને વાર્ષિક કોન્ટ્રાક્ટમાં એ, બી અને સી એમ ત્રણ કેટેગરી રાખવામાં આવી છે. સીઓએની ભલામણને બીસીસીઆઈ મંજૂરી આપી દેશે તો ક્રિકેટર્સને ઘણો લાભ થશે. નવી ફોર્મ્યુલા અમલી બન્યા બાદ વિરાટ કોહલી જેવા ટોચના ખેલાડીને હવે બીસીસીઆઈ પાસેથી વાર્ષિક ૧૦ કરોડ રૂપિયાથી પણ વધારે રકમ મળી શકે છે. કોહલીએ ૨૦૧૭માં ૪૬ મેચ રમી છે જે માટે તેને ૫.૫૧ કરોડ મળશે. એક રણજી ક્રિકેટર વર્ષના ૧૨થી ૧૫ લાખ રૂપિયા કમાય છે પરંતુ નવી ફોર્મ્યુલા બાદ તેની આવક બેગણી થઈ જશે એટલે કે તેને વાર્ષિક ૩૦ લાખ રૂપિયા જેટલું વેતન મળશે.

સકારાત્મક વિચારો માટેનું પ્લેટફોર્મ આપણું મન છે

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

શૈલેષ અને દિશા સાંજના પાંચ સાડા પાંચના અરસામાં એક સંબંધીને ત્યાં પ્રસંગમાં હાજરી આપવા ઘરેથી સ્કૂટર પર નીકળ્યા. બન્ને જણા જ્યારે ઘરેથી નીકળ્યા ત્યારે વાતાવરણ ખુશનુમા હતું. જો કે ડિસેમ્બરનો મહિનો હતો એટલે ઠંડીની મોસમ તો હતી જ. ઘરથી એકાદ કલાકના અંતરે પ્રસંગનું સ્થળ હતું. અડધા કલાક સ્કૂટર ડ્રાઈવ કર્યા પછી અચાનક ઠંડીની માત્રા વધવા લાગી અને થોડીક જ મિનિટોમાં ઠંડીનો પારો ગગડીને ખુબ નીચે આવી ગયો. આવી કડકડતી ઠંડીમાં સ્કૂટર પર શૈલેષ અને દિશા રીતસર ધ્રુજવા લાગ્યા.

પુસ્કરે દિશાને સ્કૂટર ચલાવતાં કહ્યું, 'દિશા રોજ કરતાં આજે ઠંડી બહુ ઓછી છે. '

'દાંત કકડાવતી દિશાએ જવાબ આપ્યો. 'હા પુસ્કર, ઠંડી ખરેખર બહુ ઓછી છે.'

વળી પાછું પુસ્કરે કિધું, 'ગઈકાલે તો આ સમયે ખૂબ ટાઢ હતી. આજે કમ્પેરીટીવલી ઘણી જ ઓછી ઠંડી છે. 'દિશાએ જવાબ આપ્યો, 'હા ખરી વાત છે. ગઈ કાલે સાંજે હું દૂધ લેવા માટે ઘરની બહાર પણ નીકળી નહોતી શકતી. એના કરતાં આજે તો ખૂબ ઠંડી ઓછી છે. '

આમ વાતો કરતાં કરતાં પુસ્કરને દિશા ૧૫-૨૦ મિનિટમાં પ્રસંગના સ્થળે પહોંચી ગયા. જેવા પ્રસંગના સ્થળે પહોંચ્યાં કે તરત જ બન્ને જણાએ ઝડપથી જ્યાં કેમ્પ ફાયર હતો ત્યાં ૨૦ મિનિટ સુધી બેસીને ગરમાટો લીધો અને પછી બન્ને જણાંને પ્રસંગમાં મહાલવાનો મુડ આવ્યો.

મન માણસને ઈશ્વરે આપેલું એક અણમોલ શસ્ત્ર છે. એનો 'એન્ડલેસ પાવર' છે. માણસના મનમાં અસીમ સંભાવનાઓ પડેલી છે. સીઝનની સૌથી વધુ ભયંકર ઠંડી કોઈપણ ગરમ કપડાં વગર અને એ પણ સ્કૂટર પર જતી વખતે શૈલેષે માનવીમાં પડેલી શક્તિના દ્વાર મનની તાકાતની ચાવીથી ખોલ્યા. સ્કૂટર સાઈડ પર મૂકીને ટેક્સી કે બીજા કોઈ વાહનમાં બેસીને ઘરે પાછા જવાને બદલે આ યુગલે મનની તાકાતનો ઉપયોગ કર્યો.

દરેક ઘટનામાં સાનુકુળ તત્વ શોધવા મનને કેળવવું પડે. સામાન્ય રીતે આપણે એવા જ હોઈએ છીએ જેવું આપણે વિચરતાં હોઈએ છીએ. જ્યારે હકારાત્મક વિચારોની તાકાતનો અનુભવ થાય ત્યારે નકારાત્મકતાનું કોઈ સ્થાન રહેતું નથી. વિચારોના ઊંડાણની અને વ્યાપની સમજ પડવા માંડે પછી ગમે તેવી મુશ્કેલીની વેલોસિટી તદ્દન ઓછી થઈ જાય. એકવાર મનની વૈચારિક તાકાતની સમજ પડે અને એનો સુયોગ્ય ઉપયોગ થાય પછી જીત નક્કી હોય છે. હકારાત્મક વિચારો એ મનની સાચી શક્તિ છે. જ્યારથી હકારાત્મક વિચારો દ્વારા મનની શક્તિનો ઉપયોગ થવા માંડે ત્યારથી જીવનમાં બદલાવ આવવા લાગે. બુધ્ધ કહે છે કે, આપણું જીવન એ આપણાં મનનું સર્જન છે. મનને એવું કેમ ન કેળવી શકાય કે, 'મારુ વ્યક્તિત્વ શાનદાર અને જાનદાર છે. હું ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ માર્ગ શોધીને આગળ વધીશ. '

એક ભાઈનો અવાજ ખૂબ સરસ, પરંતુ જાહેરમાં માઈક ઉપરથી એમણે કોઈવાર પ્રસ્તુતિકરણ કર્યું નહોતું. એમને મનોમન જાહેરમાં ગાવાનો એક અજાણ્યો ભય સતત રહ્યા કરે. એકવાર એમની ઓફિસના ગેધરીંગમાં ૧૦૦-૨૦૦ મિત્રોની હાજરીમાં એમના અવાજથી પરિચિત એવા એક સાથી કર્મચારીએ એમની જાણ બહાર એમને ગીત ગાવા માટે ફ્લોર ઉપર બોલાવ્યા. અચાનક આવી પડેલી આ પરિસ્થિતિમાં એક મિનિટ માટે તો આ ભાઈના શરીરમાંથી લખલખુ પસાર થઈ ગયું. જબરજસ્ત અસમંજસભરી સ્થિતિમાં ફ્લોર ઉપર ગયા. અને થોડીક સેકંડો માટે બોલ્યા ચાલ્યા વગર શુન્યમનસ્ક ઊભા રહ્યા. પણ મન મક્કમ કરીને હૃદયના ઊંડાણમાંથી એમણે એમના અસ્તિત્વને એવો જવાબ આપ્યો કે, 'હું ઉત્તમ કલાકાર છું. હું ખૂબ શાનદાર ગીત રજૂ કરીશ.' થોડીક સેકંડો પછી એ ભાઈએ કિશોરકુમારનું જુમરૂ ફિલ્મનુ જાણીતુ ટાઈટલ ગીત રજૂ કર્યું. ત્યાં ઉપસ્થિત રહેલા ગેધરીંગે ખુરશીમાંથી ઊભા થઈને તાળીઓના ગડગડાટ સાથે આ ભાઈને સ્ટેન્ડીંગ ઓવીએશન આપ્યું. અસ્તિત્વની ઉજવણી માટેના સજાગ મનના સકારાત્મક વિચારો 'નિષ્ફળતાનું જીવનમાં કોઈ સ્થાન નથી ' એવો અહેસાસ કરાવે છે.

મનની વિવિધ સાત પ્રકારની કક્ષા હોય છે. જેમાં સૌથી નકારાત્મક કક્ષા એવી હોય છે કે, જ્યારે અંદરથી એવો જવાબ આવે કે 'આ કાર્ય હું નહીં કરું.' જે પણ વ્યક્તિ કાર્યના આરંભ કરતાં પહેલાં નકારાત્મક વલણથી એમ કહે કે આ 'હું નહીં કરું' એ સૌથી ખરાબ મનઃસ્થિતિની ગવાહી આપે છે. આનાથી પણ વધારે ગંભીર બાબત એ છે કે, જ્યારે વ્યક્તિ મનોમન એમ વિચારે કે 'આ હું નહીં કરી શકું.' આ પ્રકારની મનઃસ્થિતિ નકારાત્મક મનઃસ્થિતિ કરતાં પણ વધારે ગંભીર એટલા માટે કહી શકાય કે, આવી અવસ્થામાં વ્યક્તિને પોતાની જાત ઉપર વિશ્વાસ નથી. આનાથી લગોલગ બીજી એક એવી પણ અવસ્થા છે કે જેમાં મન એવું વિચારવા લાગે કે, 'હું આ કેવી રીતે કરીશ ?' આ પરિસ્થિતિમાં થોડીક સારી નિશાની એ પણ છે કે, કામ કરવા માટે ઈચ્છાશક્તિ દેખાય છે. સારી મનઃસ્થિતિ એ છે કે, મનમાં વિચાર આવે કે, 'હું આ કામ કરવાની કોશિષ કરીશ'. જ્યારે મન એમ કહે કે, 'હું આ કરી શકીશ ' એ ઊર્ધ્વગામી અવસ્થા છે. એનાથી પણ વધુ સારી અવસ્થા એ છે કે, ' આ હું કરીને જ રહીશ. ' છેલ્લી અને સૌથી મન અને હૃદયને તૃપ્ત કરી દેતી અવસ્થા એ છે કે અંદરથી એવો જવાબ આવે કે, 'મેં આ કામ કરી લીધું.' આ સાત પગલાંનું આત્મચિંતન વ્યક્તિએ જીવનમાં રંગો ભરી દે છે.

સકારાત્મક વિચારો વિનાની જિંદગી ખોખલી હોય છે. અશાંત અને દિશા વિહિન જિંદગીના અંધકારમાં સકારાત્મક વિચારોની શક્તિનું આશાનું કિરણ પ્રકાશ ફેલાવે છે. બે હાથ પહોળા કરીને જીવનને મોજથી માણવાનુ સ્મિત જ જીવનનુ ઉમંગભર્યુ સંગીત હોય છે. વિચારો મનુષ્યની પોતાની ઉપજ હોય છે. અને એટલા માટે જ મનુષ્યે સ્વયં જ નક્કી કરવું પડે કે, સકારાત્મક વિચારો સાથે સફળ બનવું છે કે, નકારાત્મક વિચારોના સથવારે નિર્બળ બનવું છે.

હકારાત્મક વિચારોના પાયામાં આશા અને વિશ્વાસ હોય છે. નકારાત્મક વિચારોની નકારાત્મકતા સકારાત્મક વિચારોની શક્તિથી પરાસ્ત થાય. સકારાત્મક વિચારો માટેનું પ્લેટફોર્મ મન છે. મન નિયંત્રણમાં રહેવુ જોઈએ. જ્યારે મન ઉપરથી નિયંત્રણ ગુમાવીએ છીએ ત્યારે પાયલોટ વિનાના પ્લેનની જેમ દૂર્ઘટનાગ્રસ્ત થવાનુ નક્કી છે.

ધબકાર

મન તમારૂ છે, એને સકારાત્મક વિચારોથી એને સોનુ બનાવવુ છે કે નકારાત્મક વિચારોથી લોઢુ એ તમારે નક્કી કરવાનુ છે.